RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 285* Date: 11.08.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### બિહારમાં હવે રાજદ-જદયુની સરકાર,

# નીતિશકુમાર આઠમીવાર મુખ્યમંત્રી બન્યા, તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા



પટણા,તા.૧૦

બિહારમાં મંગળવારે મોટો રાજકીય ઉલટફેર થયો. નીતિશકુમારે ભાજપ સાથે નાતો તોડીને આરજેડી-કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવવાનો નિર્ણય લઈ લીધો. જેડીયુના નેતા નીતિશકુમારે આજે ૮મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ ફાગુ ચૌહાણે નીતિશકુમારને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા. આરજેડી નેતા તેજસ્વી યાદવે બીજીવાર ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. ૭ વર્ષમાં નીતિશકુમાર આઠમીવાર સીએમ બન્યા જે બિહારના રાજકારણના ઈતિહાસમાં એક રેકોર્ડ છે. તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતાં શપથ લેતાની સાથે જ તેજસ્વીએ નીતીશ કુમારના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા.

સોગંદ વિધિ સમારંભમાં લાલુ પ્રસાદ યાદવના પત્ની અને પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી પણ હાજર રહ્યાં હતાં તેમણે કહ્યું કે હું ખુબ ખુશ છું. આ બધુ તમારા લોકોના કારણે જ થયું છે. તેમણે એમ પણ કહ્યું કે જૂનું બધુ માફ છે. તેજસ્વી યાદવના પત્ની પણ સમારોહમાં હાજર રહ્યા હતાં તેમણે પણ પોતાની ખુશી વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે નીતીશજી અને તેજસ્વીની જોડી બિહારને વિકાસના માર્ગે લઈ જશે જોકે, તેજસ્વીના પિતા અને આરજેડી સુપ્રીમો લાલુ યાદવ નાદુરસ્ત તબિયતના કારણે કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. જો કે, શપથ લેતા પહેલા નીતીશે લાલુ સાથે ફોન પર વાત કરી અને રાજકીય સ્થિતિ વિશે જાણકારી આપી હતી. આ ઉપરાંત રાજદના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.જદયુ અને કોંગ્રેસના નેતાઓ પણ સોગંદવિધિમાં હાજર હતાં.સીએમ પદના શપથ લીધા બાદ નીતીશ કુમારે નડ્ડા પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે ભાજપને લાગતું હતું કે વિપક્ષ ખતમ થઈ જશે. પણ હવે અમે વિપક્ષમાં પણ છીએ. આટલું જ નહીં નીતીશ કુમારે મોદીનું નામ લીધા વિના નિશાન સાધ્યું હતુ. નીતીશ કુમારે કહ્યું કે ૨૦૧૪માં આવનારા ૨૦૨૪માં રહેશે, તો ને તેમણે વધુમાં કહ્યું હતુ કે અમે રહીએ કે ન રહીએ, તેઓ ૨૦૨૪માં નહીં રહે.

દરમિયાન નવા ગઠબંધન અને નવી સરકારના શપથગ્રહણ સમારોહ વચ્ચે એનડીએ ગઠબંધન તોડવા બદલ ભાજપે આજે ધરણા પ્રદર્શન કર્યા હતાં ભાજપના નેતા શાહનવાઝ હુસૈને કહ્યું કે નીતિશજીના સાથી સારા નથી. 'અચ્છા સિલા દિયા અમ લોકો કે પ્યાર કા'. આ ખુબ ખોટી વાત છે. જ્યારે પણ મળ્યા ત્યારે ક્યારેય એવો અહેસાસ ન થયો કે તેઓ છોડીને જશે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૪૦ બેઠક જીતશે.જ્યારે રવિશંકર પ્રસાદ અને ગિરિરાજ સિંહ સહિતના નેતા હાજર રહ્યા હતા. ગિરિરાજ સિંહે કહ્યુ કે નીતિશ કુમારે જનતા સાથે છેતરપિંડી કરી છે. જનતા તેમને જરૂર પાઠ ભણાવશે. તો રવિશંકર પ્રસાદે પણ નીતિશ કુમાર પર પ્રહારો કર્યા હતા.

અત્રે જણાવવાનું કે નીતિશકુમારની પાર્ટી જેડીયુએ મંગળવારે ભાજપ સાથે પોતાનું ગઠબંધન તોડી નાખ્યું. ત્યારબાદ નીતિશકુમારે રાજ્યપાલ ફાગુ ચૌહાણને મળીને રાજીનામું સોંપી દીધુ અને રાજ્યમાં આઠમીવાર નવી સરકાર બનાવા માટે દાવો રજૂ કર્યો. ૭૧ વર્ષના નીતિશકુમાર મંગળવારે તેજસ્વી યાદવ સહિત વિપક્ષી મહાગઠબંધનના અન્ય સહયોગીઓ સાથે રાજભવન જઈને રાજ્યપાલને મળ્યા અને ૧૬૪ ધારાસભ્યોના સમર્થનનો પત્ર સોંપ્યો. બિહાર વિધાનસભામાં હાલ ૨૪૨ સભ્યો છે. જ્યારે બહુમતીનો આંકડો ૧૨૨ છે. ભાજપના નેતૃત્વવાળા એનડીએને છોડીને નીતિશકુમાર આઠમીવાર મુખ્યમંત્રી પદના શપથ લીધા હતાં નીતિશ સાત પક્ષોના ગઠબંધનનું નેતૃત્વ કરશે.

રાજદ નેતા તેજસ્વી યાદવે કહ્યુ કે ભાજપનું કામ માત્ર નાની પાર્ટીઓને નષ્ટ કરવાનું છે. પરંતુ બિહારમાં આમ થશે નહીં. બિહારમાં તમામ પાર્ટીઓનું અમને સમર્થન છે. તેવામાં વિધાનસભામાં વિપક્ષ પર માત્ર ભાજપ બેસવાનું છે. આ દરમિયાન આરજેડીએ વિધાનસભાના અધ્યક્ષ વિજય કુમાર સિન્હા સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો છે રિપોર્ટ્સ અનુસાર, ફલોર ટેસ્ટના સમયે નવા સ્પીકર માટે પણ ચૂંટણી યોજાશે. મહાગઠબંધન તરફથી સ્પીકરની ખુરશી આરજેડીને મળી શકે છે. જો કે કોંગ્રેસે પણ સ્પીકરની ખુરશી પર દાવો કર્યો છે. નીતીશ કુમારના સત્તાવાર નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી જેમાં તેજસ્વી યાદવની સાથે મંત્રીઓના પોર્ટફોલિયો બાબતે ચર્ચા થઈ હતી આ સાથે જ વિધાનસભા અધ્યક્ષને લઈને પણ મંથન કરવામાં આવ્યું હતું બેઠકમાં જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ લલન સિંહ, વિજય ચૌધરી અને શ્રવણ કુમાર પણ હાજર રહ્યા હતા.

કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે જણાવ્યું હતું કે બિહારમાં જે કંઈપણ થયું તે ઓપરેશન લોટસથી કેટલું અલગ છે. ન તો કોઈ રોકડ મળી કે ન તો ઈડીના દરોડા પડ્યા. ન તો આસામના સીએમની જરૂર પડી, ન રિસોર્ટની. મહારાષ્ટ્રમાં ભાજપ પક્ષપલટો કર્યો, બિહારમાં તેને હાંકી કાઢવામાં આવ્યું છે.

## ઉત્તરપ્રદેશમાં ટૂંક સમયમાં વૃદ્ધ મહિલાઓ માટે બસમાં મફત મુસાફરીની સુવિધા અપાશે

રક્ષાબંધન પહેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વૃદ્ધ મહિલાઓને તહેવારોની ભેટ આપી છે. સીએમ યોગીએ કહ્યું કે, ટૂંક સમયમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને મફત બસમાં મુસાફરીની સુવિધા આપવામાં આવશે. યોગીએ કહ્યું કે, દરેક જિલ્લામાં સારી વ્યવસ્થા સાથે આંતરરાજ્ય, આંતર-જિલ્લા બસ સ્ટેશન હોવા જોઈએ. ત્યાં શયનગૃહો, રેસ્ટોરાં, વેઈટિંગ રૂમ હોવા જોઈએ. અમારો પ્રયાસ હોવો જોઈએ કે પરિવહન વિભાગનું ડિવિડન્ડ વધે. દરેક ટ્રાન્સપોર્ટ વર્કશોપ સાથે આઈટીઆઈના બાળકોને જોડવાનું કાર્ય હોવું જોઈએ.

તેમના સત્તાવાર નિવાસસ્થાનથી ૧૫૦ નવી રોડવેઝ બસોને લીલી ઝંડી બતાવ્યા બાદ સભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે મહિલાઓ ૧૦મી ઓગસ્ટના રોજ બપોરે ૧૨ વાગ્યાથી ૧૨મી ઓગસ્ટની મધ્યરાત્રિ સુધીના ૪૮ કલાકના સમયગાળામાં રોડવેઝ બસમાં મફત મુસાફરીનો લાભ લઈ શકશે. રક્ષાબંધનને ધ્યાનમાં રાખીને આ સુવિધા આપવામાં આવી છે. તેમણે કહ્યું કે એરપોર્ટની જેમ બસ સ્ટેન્ડ પણ બનાવવામાં આવી રહ્યા છે જ્યાં મુસાફરોને જરૂરી તમામ સુવિધાઓ મળશે.

યોગીએ કહ્યું કે, આવનારા સમયમાં અમે ૬૦ વર્ષથી ઉપરની દરેક માતાને મફત મુસાફરી આપવાનું કામ કરીશું. કોવિડના સમયમાં રાજ્યમાં ૨૩ હજાર મૃત્યુ થયા, આ દેશ વિશ્વમાં સૌથી નીચો દર છેપ જ્યારે માર્ગ અકસ્માતમાં એકલા રાજ્યમાં એક વર્ષમાં ૨૦ હજાર મૃત્યુ થાય છે, તે ચિંતા અને પીડાનો વિષય છે.

કોરોના રોગચાળામાં જે રાજ્યનું મેનેજમેન્ટ જીત્યું, અઢી વર્ષમાં ૨૩ હજાર મોત થયા, એ જ રાજ્યમાં એક વર્ષમાં રોડ અકસ્માતમાં ૨૦ હજાર મોત, તેની પાછળનું શું કારણ છે, આપણે શોધવાની જરૂર છે. આપણે આને નિયંત્રિત કરવાની જરૂર છે. વાહનવ્યવહાર રાજ્ય મંત્રી, સ્વતંત્ર પ્રભાર દયા શંકર સિંહે કહ્યું કે, ડ્રાઈવિંગ લાયસન્સની સિસ્ટમ સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવી છે.

## કર્ણાટકમાં ઈદગાહ મેદાનમાં ગણેશોત્સવ આયોજનથી વિવાદ

બેંગલુરુ,તા.૧૦

કર્ણાટકમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. રાજકીય હત્યાની ત્રણ ઘટનાના મામલો હજુ ઠંડો નથી પડ્યો, ત્યાં બેંગલુરુના ચામરાજપેટ ઈદગાહ મેદાનમાં હિન્દુવાદી સંગઠનોએ આ મહિને ગણેશોત્સવની ઉજવણી કરવાની યોજના બનાવતા વિવાદ સર્જાયો છે. વક્ફ બોર્ડનો દાવો છે કે આ જમીન વક્ફ બોર્ડની છે.

ચામરાજપેટથી કોંગ્રેસના ધારાસભ્ય જમીર અહમદ ખાને પણ કહ્યું છે કે ચામરાજપેટ ઈદગાહ મેદાનમાં કોઈ પણ ધાર્મિક આયોજનની મંજૂરી ના આપવી જોઈએ. ખાનનું કહેવું છે કે જો ચામરાજપેટ ઈદગાહ મેદાન પર સ્વતંત્રતા દિવસનું આયોજન થતું હોત તો મેં તેમાં ભાગ લીધો હોત. જોકે, આ મામલે રાજ્યના રાજસ્વ મંત્રી આર. અશોકનું કહેવું છે કે સ્વતંત્રતા દિવસ અને ગણેશોત્સવની ઉજવણીને લઈને અમારા વિભાગને હજુ સુધી કોઈ અરજી નથી મળી, પરંતુ કોઈ વ્યક્તિ કે સંસ્થા તરફથી આવી અરજી મળશે તો રાજ્ય સરકાર તે અંગે જરૂર વિચાર કરશે.

હિન્દુવાદી સંગઠન સનાતન સંસ્થાએ બૃહદ બેંગલુરુ મહાનગરપાલિકા (બીબીએમપી)ને ઈદગાહ મેદાન પર સ્વતંત્રતા દિવસે ધ્વજારોહણ અને ગણેશોત્સવ ઊજવવાની મંજૂરી મેળવવા અરજી કરી છે. સનાતન સંસ્થાના ભાસ્કરનનું કહેવું છે કે ચામરાજપેટ જાહેર સ્થળ છે. કોંગ્રેસ ધારાસભ્ય જમીર ખાન આ મેદાન પર પ્રકારની મંજૂરી આપનારા કોણ છે? આ મેદાન પર અધિકારોને લઈને અમારો પડકાર બૃહદ બેંગલુરુ મહાનગર પાલિકા પાસે પેન્ડિંગ છે.

બીબીએમપીએ વક્ફ બોર્ડને ઈદગાહ મેદાન પર પોતાના દાવા મુદ્દે દસ્તાવેજો રજૂ કરવા કહ્યું છે. જોકે, બીબીએમપીએ સ્પષ્ટ કહી દીધું છે કે આ સંપત્તિ વક્ફ બોર્ડની નહીં, પરંતુ બીબીએમપીની જ છે. વક્ફ બોર્ડે તેના પર કથિત દાવા માટે પુરાવા રજૂ કરવા પડશે. વર્ષ ૧૯૯૯માં ભાજપને આ મેદાન પર સ્વતંત્રતા દિવસે ત્રિરંગો લહેરાવવાની મંજૂરી મળી ન હતી. આ મેદાનના બદલે વક્ફ બોર્ડને ૧૦ એકર જમીન પણ આપી દેવાઈ છે. અહીંનું બે એકર મેદાન રમતગમત અને અન્ય કાર્યક્રમો માટે છોડી દેવાયું છે.

## બિહારમાં સરકાર ગયા બાદ રાજ્યસભામાં ભાજપ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે



**નીતિશકુમારની જેડીયુના રાજ્યસભામાં ૫ સાંસદ છે. જેમાં ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ પણ છે.**

નવીદિલ્હી,તા.૧૦

બિહારમાં નીતિશકુમારે ભાજપ સાથે ગઠબંધન તોડી નાખ્યું. હવે તેઓ મહાગઠબંધન સાથે સરકાર બનાવીછે. આ સાથે જ એનડીએનું નેતૃત્વ કરી રહેલા ભાજપને રાજ્યસભામાં પણ મોટો ઝટકો લાગ્યો છે. નીતિશકુમારની જેડીયુના રાજ્યસભામાં ૫ સાંસદ છે. જેમાં ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ પણ છે. જો કે જ્યારે જેડીયુ એનડીએનો ભાગ હતી ત્યારે પણ રાજ્યસભામાં ભાજપ સાથે બહુમત નહતું. છેલ્લા ૩ વર્ષમાં એનડીએનો સાથ છોડનારી જેડીયુ ત્રીજી પાર્ટી છે. આ અગાઉ શિવસેના અને શિરોમણી અકાલી દળે પણ સાથ છોડ્યો હતો. વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)એ પણ એનડીએનો સાથ છોડ્યો હતો.

હવે જેડીયુ એનડીએનો ભાગ નથી એટલી ભાજપના નેતૃત્વવાળા એનડીએને રાજ્યસભામાં બિલ પાસ કરાવવા માટે ઓડિશાના બીજુ જનતા દળ, આંધ્ર પ્રદેશના વાયએસઆરસીપી પર મદાર રાખવો પડશે. રાજ્યસભામાં હાલ ૨૩૭ સભ્ય છે. જ્યાં ૮ જગ્યા ખાલી છે, જેમાંથી ૪ જમ્મુ અને કાશ્મીરની, એક ત્રિપુરાની અને ૩ બેઠકો એવી છે જે નોમિનેટેડ કરવાના બાકી છે. બહુમતનો આંકડો ૧૧૯ છે. એનડીએ પાસે સદનમાં ૧૧૫ સભ્ય છે. જેમાંથી ૫ નામાંકિત અને એક અપક્ષ છે. જેડીયુના ગયા બાદ એનડીએનો આંકડો ૧૧૦ થઈ ગયો. જે બહુમતથી ૯ સભ્ય ઓછો છે.

સરકાર ચોમાસા સત્ર પહેલા ૩ વધુ સાંસદોને નોમિનેટ કરી શકે છે અને જ્યારે પણ ચૂંટણી થશે ત્યારે ત્રિપુરાની બેઠક પણ ભાજપના ખાતામાં જ જશે. ત્યારે પણ એનડીએના સભ્યોની સંખ્યા વધીને ૧૧૪ સુધી પહોંચી શકશે. જે તે સમયે પણ બહુમત માટે પુરતી નહીં રહે. મહત્વના બિલો પર ભાજપને બીજુ જનતા દળ, અને વાયએસઆરસીપીના સમર્થન પર નિર્ભર રહેવું પડશે. આ પાર્ટીઓના ૯-૯ સાંસદો છે. હહાલમાં જ થયેલી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપને શિરોમણી અકાલી દળ, માયાવતીની બહુજન સમાજ પાર્ટી, ટીડીપી, વાયએસઆરસી અને બીજેડીનું સમર્થન મળ્યું હતું. જો એનડીએના આંકડાની વાત કરીએ તો ભાજપના ૯૧ સભ્ય છે. એઆઈએડીએમકેના ૪, એસડીએફના ૧, આરપીઆઈએના ૧, એજીપીના ૧, પીએમકેના ૧, એમડીએમકેના ૧, તમિલ મનીલાના એક, એનપીપીના ૧, એમએનએફના ૧, યુપીપીએલના ૧, આઈએનડીના ૧ અને પાંચ નામાંકિત છે. આ રીતે આંકડો ૧૧૦ સુધી પહોંચે છે.

## સેન્ટી બિલિયોનેર તરીકે પ્રખ્યાત એલોન મસ્કે ટેસ્લાના ૭.૯ મિલિયન શેર વેચ્યા



નવીદિલ્હી,તા.૧૦

ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક ફરી ચર્ચામાં છે. મામલો ટ્વીટર ખરીદવાનો હતો અને પછી બેકડાઉન થઈ ગયો આ દરમિયાન તેમણે ટેસ્લાના લાખો શેર વેચી દીધા. 'એક અહેવાલમાં જણાવાયું છે કે મસ્કએ ૬.૮૮ બિલિયનના ૭.૯૨ મિલિયન (૭૯ લાખ) શેર વેચ્યા છે. આ અહેવાલ નાણાકીય ફાઈલિંગને ટાંકીને બહાર આવ્યો છે. ફાઈલિંગ દર્શાવે છે કે એલોન મસ્કએ આ શેર ૫ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ વચ્ચે ટ્રાન્ઝેક્શન કર્યા છે. શેરનું વેચાણ આશ્ચર્યજનક છે કારણ કે મસ્ક ભૂતકાળમાં કહી ચૂક્યા છે કે તેમની ટેસ્લાને વેચવાની કોઈ યોજના નથી. તો સવાલ એ છે કે આટલી મોટી રકમના શેર કેમ વેચવામાં આવી રહ્યા છે.આ વર્ષના એપ્રિલના અંતમાં એલોન મસ્કએ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે 'ભવિષ્યમાં ટેસ્લાને વેચવાની કોઈ યોજના નથી'. જ્યારે સત્ય એ છે કે તે જ અઠવાડિયે ફાઈનાન્શિયલ પ્લાનિંગ એટલે કે એસઈસી ફાઈલિંગમાં જાણવા મળ્યું કે ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ મસ્ક તેમની ઈલેક્ટ્રિક કાર કંપનીના શેર બલ્કમાં વેચી રહ્યા છે. આ વેચાણ ૮.૪ બિલિયન હોવાનું કહેવાય છે.

સેન્ટી બિલિયોનેર તરીકે પ્રખ્યાત એલોન મસ્ક આ દિવસોમાં ટ્વિટર પર ચાલી રહેલા કેસને લઈને ચર્ચામાં છે. આ મોટી સોશિયલ નેટવર્કિંગ કંપનીને હસ્તગત કરવા માટે એક કરાર થયો હતો અને તેના માટે ઈ ૫૪.૨૦ પ્રતિ શેરના ભાવે ઈ ૪૪ બિલિયનની ડીલની પુષ્ટિ કરવામાં આવી હતી. પરંતુ મસ્કે આ ડીલને કોલ્ડ સ્ટોરેજમાં મૂકી દીધી. આ પછી ટ્વિટરે તેની વિરુદ્ધ કોર્ટનો સંપર્ક કર્યો.આ બંને કંપનીઓ વચ્ચેના ઝઘડાની અસર એ થઈ કે ટ્વિટર અને ટેસ્લા બંનેના શેરમાં ભારે ઘટાડો થયો. ઈલોન મસ્ક બોટ અને નકલી એકાઉન્ટને લઈને ગુસ્સે હોવાનું કહેવાય છે અને તેણે આ અંગે ટ્વિટર પાસે જવાબ માંગ્યો હતો. આ પછી મસ્કે સ્પષ્ટ કર્યું કે તે ટ્વિટર ખરીદવાનો નથી. એવો આરોપ હતો કે મસ્કે ટ્વિટર પાસેથી કેટલીક મહત્વપૂર્ણ માહિતી માંગી હતી, પરંતુ કંપનીએ તે આપી ન હતી. મસ્કે જણાવ્યું હતું કે ટ્વિટર માહિતી શેર કરતું ન હોવાથી તે એક્વિઝિશન ડીલ સાથે આગળ વધી શકતો નથી. મસ્કે કહ્યું કે ટ્વિટર બોટ્સ, સ્પામ અને ફેક એકાઉન્ટ વિશે સચોટ માહિતી આપી રહ્યું નથી.

## દેશ ચલાવવો સરકારનું કામ, આરએસએસને ક્યારેય સત્તા નથી જોઈતી: ભાગવત

નાગપુર,તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહ્યું કે જનતા દેશ ચલાવવાની જવાબદારી ક્યારેક એક પક્ષને તો ક્યારેક બીજાને આપે છે અને તે ક્યારેય સંઘને આ જવાબદારી આપશે તો સંઘ તે જવાબદારી નહીં લે, કેમ કે દેશ ચલાવવો સરકારનું કામ છે અને સંઘને ક્યારેય સત્તા નથી જોઈતી. સંઘ સંસ્થા નહીં, 'ઓફ ધ સોસાયટી' છે. સંઘ જો સંગઠન બનાવશે તો તમામ સંગઠનોને સાથે રાખીને બનાવશે. તમામ હિન્દુઓ તેમની જવાબદારી પૂરી કરે એ સંઘની ભૂમિકા છે.ભાગવતે એમ પણ જણાવ્યું કે નેતા કંઈ નથી કરતા, પહેલાં સમાજ તૈયાર થાય છે અને પછી તે સમાજમાંથી નેતા તૈયાર થાય છે. ગમે તેટલા મોટા નેતા હોય તો પણ તે એકલા દેશને ઠીક ન કરી શકે. સંઘના નેતાઓએ સ્ટેટસની પાછળ ન ભાગવું જોઈએ. સંઘના લોકો દેખાયા કે નહીં એ ગૂગલ સર્ચ પર આવવું જરૂરી નથી.દુનિયા વિશે જાણનારાઓને તેમના ગામની નજીકથી પસાર થતી નદીનું નામ પણ ખબર હોતું નથી. સંઘના ટીકાકાર પણ સંઘમાંથી જ હોવા જોઈએ, જે માટે તેમણે સંઘની શાખામાં આવવું જરૂરી નથી. અમે

## સેન્ટ્રલ વિસ્ટામાં સંસદનું શિયાળુ સત્ર યોજાઈ શકે છે,પ્રોજેકટનું કામ અંતિમ તબ્બકામાં

નવીદિલ્હી,તા.૧૦

નવા સંસદ ભવનનું બાકી કામ પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી ત્યાં શિયાળુ સત્ર યોજવામાં આવે. અધિકારીઓ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે નવી ઈમારતમાં મિર્ઝાપુરના હાથથી વણાયેલા કાર્પેટ અને મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.તેમણે કહ્યું કે સાગવૂડનું ફર્નિચર મહારાષ્ટ્રથી આવ્યું છે, જ્યારે આંતરિક અને ફ્લોર પર કામ શરૂ થઈ ગયું છે. ગયા અઠવાડિયે, સરકારે લોકસભામાં કહ્યું હતું કે નવા સંસદ ભવન પ્રોજેક્ટ પર ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને કામ પૂર્ણ કરવાની લક્ષ્ય તારીખ નવેમ્બર ૨૦૨૨ છે.સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટના રાષ્ટ્રીય મહત્વને ધ્યાનમાં રાખીને, સમયમર્યાદા વધારવાની કોઈ યોજના નથી. ઘટનાક્રમથી વાકેફ અધિકારીઓએ મીડિયાને જણાવ્યું કે, "અમે નવા સંસદ ભવનમાં શિયાળુ સત્ર સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ."

# તંત્રી સ્થાનેથી...

## રાખી : સુરક્ષાનું બંધન અને ભયમાંથી મુક્તિ

આખી ધરતી અંધારું ઓઢીને સૂતી હોય અને સન્નાટાના રાજ્યમાં દહેશત આક્રમણ કરે. સરહદ નામની એક રેખા પર બારૂદ પથરાયો હોય, ચાલીસેક છુટ્ટા છવાયા સૈનિકો સામે સશસ્ત્ર સેના આક્રમણ કરવાની હોય તે વખતે તિરંગાની ગરિમા સાથે છેલ્લો શ્વાસ દેખાતો હોય, બંદૂકમાં કારતૂસ ભરતી વખતે એની નજરે કાંડે બાંધેલ લાલ દોરા ઉપર જાય ત્યારે આત્મવિશ્વાસ અને હિંમતમાં વધારો અનુભવાય એને શું કહેવાય ? કાંડામાં બંધાયેલ લાલ દોરામાં જે સ્નેહ અને શ્રદ્ધા છે એનું કોઈ પરિમાણ નથી કે ના એના કોઈ પુરાવા છે. પરંતુ એ ધાગાના એક એક તાંતણે પરસ્પર રક્ષા કવચ આપતા એક સંબંધની ગરિમા છે. પાંચેક વર્ષની એક નાનકડી ટબુકડી ને હિંચકા ખાવા હતા પણ પાડોશના છોકરાઓ એને હિંચકામાં વારો આપતા નાહતા, એ વખતે ટબુકડીએ મોટા અવાજે એક નામની બૂમ પાડી. અચાનક પવન વેગે ટબુકડીથી માંડ ત્રણ વર્ષ મોટો ટેણીયો આવ્યો, ટબુકડીનો હાથ ખેંચીને હિંચકા તરફ લઈ ગયો. હિંચકા પર હિલ્લોળા લેતી ટબુકડીને આંખમાં આવેલી ચમકને શું કહેવાય? પોતાનાથી ત્રણ વર્ષ મોટા ભાઈને પાડેલી બૂમની અંદર જે હતું એનું નામ એક એવો વિશ્વાસ જેનો આકાર, કદ કે ઊંચાઈ માપવી શક્ય નથી પરંતુ એના અસ્તિત્વ અંગે તમામ ભારતીયને ખબર છે. રક્ષા નામનું બંધન તમામ ‘બંધન'માં શિરમોર છે.ભારતના ઉજવાતા અનેક તહેવારોમાં ધર્મ અને સમાજ એકબીજા સાથે ગૂંથાઈ ગયા. સામાન્ય રીતે ભાઈ બહેન તહેવાર તરીકે જાણીતા રક્ષાબંધનના તહેવારના મુખ્ય બે અંગો છે. એક દોર અને બીજા અંગ નું નામ છે પરસ્પર રક્ષા કરવાની લાગણી સાથેનું અનન્ય જોડાણ. ઈન્દ્રની સુખાકારી માટે બંધાયેલા પવિત્ર દોર અને રક્ષણની મહેચ્છાથી રક્ષાબંધન નામના આ સામાજિક તહેવાર નો આરંભ થયો એવું મનાય છે. પુરાણની અનેક કથાઓમાં રક્ષાકવચ અને સંબંધના જોડાણની વાત છે. માની લો કે એ દરેક પાત્રો કે ઘટનાઓ કાલ્પનિક છે અને કથાનો ભાગ છે, તો પણ રક્ષાની અપેક્ષા અને ફરજ અંગેની સામાજિક વાસ્તવિકતા અકબંધ છે ,જે આજે પણ એટલી જ તીવ્રતાથી જીવાય છે. મોટાભાગના દરેક તહેવારમાં ઉજવણીના પરિવર્તન સ્વરૂપે આધુનિક સ્પર્શ ઉમેરાતો જાય છે પરંતુ રક્ષાબંધન એક એવો તહેવાર છે જેમાં રાખડીની ડિઝાઈન કે ભેટની પસંદગી સિવાય ખાસ મોટો તફાવત જોવા મળતો નથી કારણકે એના મૂળમાં માનસિક જરૂરિયાત છે.અંગત સ્વજનની સુખાકારી માટે મનોકામનાના પ્રતીક સમાન દોરાનો આરંભ તો આ પૃથ્વી પર આપણા સામાજિક જીવનની શરૂઆત પહેલા થયો હોવાનું મનાય છે. દેવ અને દાનવના યુદ્ધમાં દેવોને શક્તિશાળી અને પરાક્રમી રાજા બલિનો ભય હતો એ સમયે ભગવાન વિષ્ણુએ શચિને એક દોરો આપ્યો એ પવિત્ર દોરાને શચિએ ઈન્દ્રના કાંડે બાંધ્યો અને ઈન્દ્રનો બલિ પર વિજય પણ થયો. આ કથા પવિત્ર દોરાની, બંધન અને રક્ષણ માટેની આસ્થાની વાત તો કરે જ છે પરંતુ રક્ષાબંધનનો તહેવાર માત્ર ભાઈ અને બહેનના સંબંધ પૂરતો મર્યાદિત નથી એમ પણ સૂચવે છે. મહાભારતની બે રાખડીની વાત બહુ જાણીતી છે. કૃષ્ણની આંગળીમાં ચીરો પડયો ત્યારે એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર દ્રૌપદીએ સાડીનો છેડો ફાડીને એના સખા કૃષ્ણને પાટો બાંધી આપેલો. કૃષ્ણે એ સમયે કહેલો એક શબ્દ ‘અક્ષયમ' આવનાર હજારો વર્ષ માટે શ્રદ્ધાનું ઉદાહરણ બની ગયો. વસ્ત્રાહરણ સમયે દ્રૌપદીને પ્રાપ્ત થયેલ અક્ષયમ વસ્ત્ર એટલે કે સુરક્ષાનું આજીવન વચન. મહાભારતના યુદ્ધમાં અર્જુન પુત્ર જ્યારે યુદ્ધભૂમિ પર જવાના હતા ત્યારે દાદી કુંતીએ પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી, કૌરવો એ તૈયર કરેલા ચક્રવ્યૂહમાંથી પસાર થઈને સફળતા હાંસિલ કરી શકે એ માટે બંધાયેલ દોરામાં હજારો બાણ, તલવાર અને ગદાની તાકાત ન હતી, પરંતુ પૌત્રના અમરત્વની મનોકામના કરતી એક સ્ત્રીની હૃદયપૂર્વકની પ્રાર્થના ચોક્કસ હતી.

# રક્ષાબંધનનું માહાત્મય



શ્રાવણ પૂર્ણિમાના દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધી તેનું સર્વ પ્રકારથી રક્ષણ થાય તેવું ઈચ્છે છે.શુધ્ધ ભાવે,ખરા અંતઃકરણપૂર્વક કોઈના કલ્યાણ માટે કરાયેલી પ્રાર્થના નિષ્ફળ જતી નથી. રક્ષાબંધન સ્ત્રી તરફ વિકૃત દ્રષ્ટિએ ન જોતા પવિત્ર દ્રષ્ટિ રાખવી એવો સંદેશ આપનાર પવિત્ર તહેવારને કુટુંબ-જાતિ કે ધર્મ પૂરતો મર્યાદિત ન બનાવતાં તમામની મંગલકામના અને વિશ્વકલ્યાણનો તહેવાર બનાવવો જોઈએ.

કોઈની રક્ષા કરવા બંધનમાં બંધાવું એટલે રક્ષાબંધન.ભાઈના જીવનવિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને શુભેચ્છાનું પ્રતિક,અંતરથી અપાયેલા આશીર્વાદનું કવચ,હેતભરી શુભ ભાવનાનું, ભગવાનને સાચા દિલથી કરેલી પ્રાર્થના વડે બનેલ સૂક્ષ્મ રક્ષણ એટલે રક્ષાબંધન.રાખડીનાં તાંતણામાં ભાઈ-બહેનનાં હૃદયનો પ્રેમ નીતરતો હોય છે.રાખડી એ ફક્ત સૂતરનો દોરો નથી પરંતુ શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે.પોતાનો ભાઈ એની અંદરનાં શત્રુઓ કામ ક્રોધ લોભ મોહ વગેરે ઉપર પણ વિજય મેળવે એવી આશા રાખે છે.રાખડી બાંધતી વખતે બહેન ભગવાનને જે પ્રાર્થના કરે તે પ્રાર્થનાના કવચથી ભાઈની રક્ષા થતી હોય છે.

પૌરાણિક કથા અનુસાર કુંતામાતાએ અભિમન્યુને રાખડી બાંધી કૌરવો સામે સાત કોઠાનું યુદ્ધ લડવા મોકલ્યો હતો.

બહાદુરશાહે ચિત્તોડ પર ચઢાઈ કરી ત્યારે ચિત્તોડના મહારાજાની વિધવા રાણી કર્ણાવતીએ દિલ્હીના સુલતાન હુમાયુને ચિઠ્ઠી તથા એક રાખડી મોકલી મદદ કરવાની માગણી કરી હતી.હુમાયુએ પોતાનું સૈન્ય ચિત્તોડ મોકલ્યું પરંતુ દિલ્હીથી ચિત્તોડ દૂર હોવાથી બહાદુર શાહે ચિત્તોડનો કિલ્લા ઉપર જીત મેળવી અને રાણી કર્ણાવતીને બંદી બનાવવા કિલ્લામાં પ્રવેશ કર્યો.રાણી કર્ણાવતીએ બહાદુરશાહના હાથમાં આવીને અપમાનિત થવાને બદલે તમામ સ્ત્રીઓ સહિત સતિ થવાનું પસંદ કર્યું.થોડા દિવસો બાદ હુમાયુ ચિત્તોડ પહોંચ્યો અને બહાદુર શાહને લડાઈમાં હાર આપીને ચિત્તોડ પર ફરી રાણાઓનું રાજ સ્થાપ્યું.રાણીના પુત્ર વિક્રમસિંહને ગાદી ઉપર બેસાડયા બાદ જ હુમાયુએ ચિત્તોડ છોડ્યું હતું.

બલીરાજાને ભગવાન વિષ્ણુએ વરદાન આપ્યું હતું કે પોતે તેનાં રાજ્યની રક્ષા કરશે.વરદાન અનુસાર પ્રભુ વૈકુંઠ છોડીને બલિરાજા સાથે તેનાં રાજ્યની રક્ષા માટે પાતાળમાં જવું પડ્યું બીજી બાજું લક્ષ્મીમાતા વૈકુંઠમાં એકલાં પડી ગયાં.પ્રભુને વૈકુંઠમાં પરત કેવી રીતે લાવવા? આ પ્રશ્ન ઊભો થયો.નારદે લક્ષ્મીમાતાને એક ઉપાય બતાવ્યો તે અનુસાર શ્રાવણી પૂનમના દિવસે મા લક્ષ્મી બલીના ઘરે જાય છે અને તેમના હાથે બલિરાજાને રાખડી બાંધે છે.બહેન જ્યારે રાખડી બાંધે ત્યારે ભાઈ પાસે જે કંઈ માગે તે આપવું જોઈએ એટલે બલીએ કહ્યું કે બહેન જે ઈચ્યા હોય તે માગો.લક્ષ્મીમાતાએ ભગવાન વિષ્ણુને તેમના વરદાનથી મુક્ત કરવા માંગણી કરી.આમ વૈકુંઠમાં ફરીવાર નારાયણ અને લક્ષ્મીનો મેળાપ થયો.

રક્ષાબંધનને બળેવ અથવા નાળિયેરી પૂનમ તરીકે પણ ઉજવવામાં આવે છે,સંતસમાજ જનોઈ બદલાવે છે.આ દિવસે ભારતના સાગરખેડુઓ માછીમારી કરવા દરિયો ખેડે છે.નાળિયેર અર્પણ કરીને તેઓ દરિયાદેવ પાસે પોતાની ખેપ સફળ થાય અને ખૂબ માછલીઓ પકડાય અને કોઈ વેપારી વહાણ હોય તો એનો માલસામાન સહીસલામત યોગ્ય સ્થળે પહોંચી જાય અને પરત ફરતી વખતે વહાણ ભરેલું જ આવે તેવી પ્રાર્થના કરે છે.

જ્યારે શિશુપાલ કૌરવસભામાં ભગવાન કૃષ્ણને ગાળો બોલવા લાગ્યો ત્યારે પોતાનાં ફોઈને આપેલા વરદાન પ્રમાણે તેની ૧૦૦ ભૂલોની ક્ષમા કરી.જેવો ૧૦૧મો અપશબ્દ નીકળ્યો કે તરત સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક કાપી નાખ્યું.તે સમયે ભગવાનની આંગળીમાંથી લોહી નીકળ્યું તે સમયે દ્રૌપદીએ પોતાની સાડીનો છેડો ફાડીને ભગવાનની આંગળી પર પાટો બાંધ્યો આ જોઈને પ્રભુએ દ્રૌપદીને આશીર્વાદ આપ્યા.તે દિવસે શ્રાવણ માસની પૂર્ણિમા હતી.જયારે હસ્તિનાપુરની રાજયસભામાં દુશાસન દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરતો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ૯૯૯ ચીર પૂરીને દ્રૌપદીની લૂંટાતી આબરૂ બચાવી હતી.આ રીતે રાખડી બાંધનાર બહેનની આબરૂ-શીલની રક્ષા કરવી તે દરેક ભાઈનું પરમ કર્તવ્ય બને છે.

આ દિવસે બલરામજયંતી પણ ઉજવવામાં આવે છે.ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામનો જન્મ પણ શ્રાવણી પૂનમનાં દિવસે થયો હતો.

રક્ષાબંધનનો આધ્યાત્મિક અર્થ છે પવિત્ર બનવું.નાશવંત શરીરમાં ચૈતન્ય આત્મા છે જે અજર અમર છે.જેનો કોઈ નાશ કરી શકતું નથી તો શરીરની રક્ષાનું આટલું મહત્વ કેમ? આપણને મળેલ સમયનો સદુપયોગ કરી મનને વિકારોથી દૂર રાખવાના છે.બહેન ભાઈના કપાળ પર જ્યાં આજ્ઞાચક્ર છે ત્યાં તિલક કરે છે કેમકે સમગ્ર પ્રવૃત્તિનું સંચાલન મગજ દ્વારા થાય છે તેથી જો મગજમાં સારા વિચારો આવશે તો સદપ્રવૃત્તિ થશે.મીઠાઈ ખવડાવી મોં મીઠું કરાવવાનો અર્થ છે મધુર વાણી બોલો,દ્વેષભાવ ન રાખો.

સ્ત્રીનો આદર સત્કાર થાય તો જ સંસ્કૃતિનું રક્ષણ થશે.વર્તમાન સમયમાં નિર્દોષ યુવતીઓ પર શારીરિક છેડછાડ,બળાત્કાર અને અપહરણ જેવી ઘટનાઓ બને છે તેથી દરેક પુરૂષનું કર્તવ્ય છે કે દરેક સ્ત્રીનું રક્ષણ કરે.રક્ષાબંધન સ્ત્રીના સન્માનનું પર્વ છે.દરેક સ્ત્રીઓને પોતાની બહેન માનીને તેનું રક્ષણ કરવું જોઈએ.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સત્ય ની આંખે (ભાગ- ૨૩)

## રક્ષાબંધન ના પવિત્ર તહેવાર નું મહત્વ




ભાઈ અને બહેન ના સંબંધ નો પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન. શ્રાવણ માસ ના પૂર્ણિમા ના દિવસે આ તહેવાર ઉજવવા માં આવે છે. જેને શ્રાવણી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. મુંબઈ અને કોંકણ જેવા દરિયાકાંઠા ના વિસ્તાર ના હિંદુ માછીમારો દ્વારા દરિયા ની ચોખા, ફૂલ અને નાળિયેર થી દરિયા ની પૂજા કરે છે જેથી તેને નાળિયેરી પૂનમ પણ કહેવાય છે. રક્ષાબંધન ના તહેવાર ને બળેવ તરીકે પણ ઓળખવામાં આવે છે.

રક્ષાબંધનનો ઈતિહાસતો આપણને મહાભારત સમયથી જ જોવા મળે છે ભગવાન શ્રીકૃષ્ણના કાકી શ્રુતદેવી એ શિશુપાલ નામના એક બાળકને જન્મ આપ્યો હતો. ત્યારના સમયમાં એવું માનવામાં આવતું હતું કે જેના સ્પર્શથી બાળકનો દેખાવ બદલાય તેના દ્વારા જ તેનું મૃત્યુ નિશ્ચિત હશે. એક વખત શ્રીકૃષ્ણ તેમના કાકીના ઘરે આવ્યા હતા. જ્યારે તેમને શિશુપાલને હાથમાં લીધો ત્યારે તે બાળક સુંદર તેમજ તેજસ્વી બન્યું. શ્રુતદેવી આ બદલાવ જોઈને ખૂબ જ ખુશ થઈ પરંતુ તેનું મૃત્યુ શ્રીકૃષ્ણના હાથોથી થવાના કારણે તે તે ખૂબ જ ચિંતીતિ થઈ ગયા હતા.તેમણે ભગવાન શ્રીકૃષ્ણને ખૂબ જ પ્રાર્થના કરી તે શિશુપાલની ભૂલો માફ કરે અને તેને શ્રીકૃષ્ણના હાથે સજા ના આપે.ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ તેમને વચન આપ્યું કે તે શિશુપાલની ૧૦૦ ભૂલો માફ કરી આપશે પરંતુ તે જો ૧૦૦ કરતાં વધારે ભૂલો કરશે તો તેને આવશ્યક હું સજા આપીશપશિશુપાલ મોટો થઈને ચેદી નામનો એક રાજા બની ગયો તે એક રાજા હોવાની સાથે ભગવાન શ્રીકૃષ્ણનો સંબંધી પણ હતો.પરંતુ તે ખૂબ જ ક્રૂર રાજા હતો તેના રાજ્યના લોકોને ખૂબ જ પીડા તેમજ દુખો આપવા લાગ્યો અને વારંવાર ભગવાન શ્રીકુષ્ણને ચૂનોતી આપવા લાગ્યો એક વખત તેને ભરી સભામાં ભગવાન શ્રીકુષ્ણની ટીકા કરી.ત્યારે જ શિશુપાલએ તેની ૧૦૦ ભૂલોની સીમા પર કરી નાખી હતી તુરંત જ ભગવાન શ્રીકુષ્ણએ તેના સુદર્શન ચક્ર દ્વારા તેને તેની સજા આપી.જયારે ભગવાન શ્રીકુષ્ણએ ક્રોધમાં સુદર્શન ચક્ર શિશુપાલ પર ફેક્યું ત્યારે તેમની આંગળી પર પણ ચોંટ લાગી હતી.ભગવાન શ્રીકુષ્ણના આસપાસના લોકો તેમના માટે તે ઘાવ પર કઈક બાંધવા માટે અને ઘાવ પર કઈક લગાડવા માટે લેવા ગયા ત્યારે દ્રોપદીએ આજુબાજુ કશું જોયા વિના પોતાની સાડી માથી ભગવાન શ્રીકુષ્ણને પટ્ટી લગાવી આપી ત્યારે ભગવાન શ્રીકુષ્ણએ દ્રોપદીને કહ્યું કે ધન્યવાદ બહેન તે મારા કષ્ટમાં મારો સાથ આપ્યો અને હું પણ તારા કષ્ટમાં તારો સાથ આપીશ અને તેમણે આ રીતે દ્રોપદિને વચન આપ્યું. જ્યારે કૌરવએ ભરી સભામાં દ્રોપદિના ચીરહરણ કર્યા ત્યારે ભગવાન શ્રીકુષ્ણએ પોતાની બહેન દ્રોપદિની રક્ષા કરી અને તેમનું વચન નિભાવ્યું આ રીતે રક્ષાબંધનની શરૂઆત થઈ હતી ત્યારથી જ બધી બહેન પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે અને આ પર્વ મનાવે છે.

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

# મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમદાવાદ ખાતે આઈટીસી નર્મદા હોટેલનું ઉદ્‌ઘાટન

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતે આઈટીસી નર્મદા હોટેલના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતની પરંપરા અને કલ્ચરને ધ્યાનમાં રાખીને આ હોટેલના નિર્માણ થયું છે એ આપણા સૌ માટે એક ગર્વની વાત છે. આજે આઈટીસી ગુજરાતમાં ઘણા બધા ક્ષેત્રોમાં કાર્યરત છે અને ગુજરાતની ઈકોનોમીમાં મહત્વનો ફાળો આપી રહી છે.

ગુજરાતની સકારાત્મક વેપારનીતિના કારણે આજે ગુજરાત દેશ વિદેશના રોકાણકારોને આકર્ષવામાં સફળ રહ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસની જે દિશા આપી હતી જેના કારણે દેશ વિદેશના અનેક રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. જેનાથી જ આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

આ અવસરે આઈટીસી લિ.ના ચેરમેન શ્રી સંજીવ પુરીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં આઈટીસીનો સિગ્નેચર હોસ્પિટાલીટી લેન્ડમાર્ક આઈટીસી નર્મદાને લોન્ચ કરીને અમે અત્યંત ગૌરવ અનુભવી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, ભારતમાં આઈટીસીની પ્રતિષ્ઠિત પ્રોપર્ટીઓના વારસા પર નિર્મિત કરવામાં આવેલ આઈટીસી નર્મદા એ ગુજરાતના સમૃદ્ધ વારસા, વૈભવ અને વૈવિધ્યસભર સંસ્કૃતિને આપવામાં આવેલું યોગ્ય સન્માન છે. વધુમાં તેમણે કહ્યું કે, આ રાજ્યની પ્રથમ એવી હોટલ છે જેને સસ્ટેનેબિલિટી અને પર્યાવરણના સંરક્ષણ માટે ન્ઈઈઢ પ્લેટિનમ પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલું છે.

આઈટીસી લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નકુલ આનંદે જણાવ્યું હતું કે, વૈભવી હોટલોના અમારા પોર્ટફોલિયોમાં આઈટીસી નર્મદાનો ઉમેરો થવાથી પશ્ચિમ ભારતમાં અમારી ઉપસ્થિતિ વધારે મજબૂત થઈ છે. તેમણે જણાવ્યું કે, અમદાવાદ તદ્દન નોખી રીતે સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાઓ ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના પ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં પ્રીમિયમ લકઝરી હોટલ આઈટીસી નર્મદાના ઉદ્ઘાટનની જાહેરાત કરી છે. આઈટીસી નર્મદા એ ગુજરાતની પ્રથમ ન્ઈઈઢ પ્લેટિનમથી પ્રમાણિત હોટલ છે અને તે ભારતમાં આઈટીસી હોટલના વૈભવી કલેક્શનની ૧૫મી હોટલ છે. આઈટીસી નર્મદા એ ગુજરાત રાજ્યમાં આઈટીસી હોટેલ્સની ૧૨મી પ્રોપર્ટી છે. શહેરના ધમધમતા વ્યવસાયિક ક્ષેત્રમાં અત્યંત અનુકૂળ સ્થળે આવેલ આ હોટલમાં ૨૯૧ રૂમ, ૧૯ માળ અને ૭૦ મીટરનું ભવ્ય માળખું ધરાવે છે. આઈટીસી નર્મદા તેની ઉત્કૃષ્ઠ સેવાઓ દ્વારા અમદાવાદના આતિથ્યસ્તકારનું સમગ્ર પરિદ્રશ્ય બદલી નાખશે અને અમદાવાદને વૈશ્વિક સૈંઝઈ ટુરિઝમ અને ઈવેન્ટ્સ માટેનું એક આદર્શ સ્થળ બનાવી દેશે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કમિશનર શ્રી લોચન સહેર, ધારાસભ્ય શ્રી ભાઈ ચૌહાણ, ધારાસભ્ય શ્રી બલરામ થવાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, ભાજપ અગ્રણી અમિતભાઈ ભાઈ શાહ, ડીજીપી શ્રી આશિષભાઈ ભાટીયા, આઈટીસી લિમિટેડના ચેરમેન શ્રી સંજીવ પુરી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નકુલ આનંદ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઈનોવેશન સેન્ટરના યુવા સંશોધકોને સન્માનિત કર્યા

સ્ટાર્ટ અપ, ઈનોવેશન અને વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૫૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે

વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઈનોવેશન સેન્ટર દેશનું સૌપ્રથમ આ પ્રકારનું સેન્ટર છે, જે બાળકોની વિચારશક્તિ, સંશોધન વૃત્તિ અને પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કિલને માધ્યમ પૂરું પાડે છે

ગુજરાત યુનવર્સિટીના શ્યામાપ્રસાદ મુખર્જી ઓડિટરીયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઈનોવેશન સેન્ટર× ના યુવા સંશોધકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઈનોવેશન સેન્ટરના "VSCIC Innovation, Entrepreneurship and Design Thinking Massive Online Open Course (MOOC)" **અને** GUSEC (ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટ અપ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ કાઉન્સિલ) ની કૉફી ટેબલ બૂક "75startups of GUSEC Accelerating Aatmanirbhar Bharat" નું લોન્ચિંગ કરાવ્યું હતું.

આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, યુવા સંશોધકો અને ઉદ્યોગસાહસિકોના વિચારબીજને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડીને એક વિચારને પ્રોડક્ટ સુધી પહોચાડવા માટે રાજ્ય સરકારે “સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન” પોલીસી અમલમાં મૂકી છે.માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ×સ્ટાર્ટ અપ× શબ્દની પરિભાષા ને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા સતત પ્રયત્નશીલ છે. ગુજરાતને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું હબ બનાવવા માટે અને યુવા સંશોધકો અને ઉદ્યોગ સાહસિકોના વિચારોને ઈક્યુબેશન, પ્રોટોટાઈપ ડેવલોપમેન્ટથી લઈને માર્કેટિંગ અને બ્રાન્ડિંગ સુધીની સહાય પૂરી પાડવા માટે રાજ્યમાં GUSEC, VSCIC, i-create, i-hub સહિતની સંસ્થાઓ રાજ્ય સરકાર સાથે સંકલન દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. સ્ટાર્ટ અપ અને ઈનોવેશન પોલીસી અંતર્ગત યુવા ઉદ્યોગ સાહસિકો અને સંશોધનકર્તાઓને ૨.૫ લાખ સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. ગુજરાત આજે વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવાની દિશામાં મજબૂત ડગ માંડી રહ્યું છે.

અત્યાર સુધી જાણકારીના અભાવે કે લોકો શું વિચારશે તેવા ડરથી કેટલાક સારા વિચારો આગળ વધી શકતા નહોતા કે બહાર આવી શકતા નહોતા. આજે સુદ્રઢ સરકારી પોલિસી, યોજનાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન થકી દરેક સ્ટાર્ટઅપના વિચારને યોગ્ય પ્લેટફોર્મ અને યોગ્ય વાતાવરણ પૂરું પાડવા માટે રાજ્યસરકાર કટિબદ્ધ છે. તકોનું વિશાળ ફલક ઉપલબ્ધ બનતા આજે વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો ખુલીને પોતાના વિચારો સાથે બહાર આવી રહ્યા છે. ઉદ્યોગ સાહસિકો અને સંશોધકોની પ્રેરણા થકી આજે રાજ્યભરના યુવાનો માટે નોકરી સિવાય પણ કારકિર્દી ઘડતર માટે એક સબળ માધ્યમ ઉભુ થઈ રહ્યું છે. આવા સ્ટાર્ટઅપ ખરા અર્થમાં આત્મનિર્ભર હોય છે. તેઓ પોતાના વિકાસ સાથે અન્ય લોકોને પણ રોજગારી પૂરી પાડે છે. ડીજીટલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, આત્મ નિર્ભર ભારત જેવી યોજનાઓ ખરા અર્થમાં ×એક ભારત, શ્રેષ્ઠ ભારત×નું સપનું સાકાર કરશે. મુખ્યમંત્રીશ્રીએ તમામ યુવા સંશોધકો અને ઉદ્યોગ સાહસિકોના સંશોધનો અંગે વધુ વિગતો જાણવાની ઈચ્છા વ્યક્ત કરીને સૌને પોતાના નિવાસ્થાને આવવાનું નિમંત્રણ આપ્યુંઆ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આવનારા વર્ષોમાં ભારતમાં ઈનોવેશન ક્ષેત્રે કામગીરી કરતા લોકોની સંખ્યા બમણી હશે અને ભારત સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રે વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રે ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૫૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વમાં સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રના વિકાસ માટે સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ૩૫ વર્ષ સુધીની વયના ઉદ્યોગ સાહસિકો રાજ્ય સરકારની સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલીસી અંતર્ગત રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તેમજ સ્ટાર્ટ અપ ક્ષેત્રે કામગીરી કરી દેશને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થઈ શકે છે. જેનો લાભ આપવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે. વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઈનોવેશન સેન્ટર GUSEC અને UNISEF સાથે મળીને યુવા અને બાળ સંશોધકોની પ્રતિભાને ઓળખ આપવાનું, તેમની સંશોધન વૃત્તિને પ્રોત્સાહન આપવાનું તેમજ તેમને વ્યવસ્થિત સંસ્થાગત માળખું પૂરું પાડવાનું કાર્ય કરે છે. આ ઈનોવેશન સેન્ટર દેશનો દેશનું સૌપ્રથમ આ પ્રકારનું સેન્ટર છે જે બાળકોની વિચારશક્તિ, સંશોધન વૃત્તિ અને પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કિલને માધ્યમ પૂરું પાડે છે ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. હિમાંશુ પંડ્યા એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સતત ઈનોવેશન અને સ્ટાર્ટ અપ ક્ષેત્રને લગતા પ્રયાસો જો કોઈ સંસ્થા દ્વારા કરવામાં આવતા હોય તો તે ગુજરાત યુનિવર્સિટીની ઐંજીઈઝ છે. એમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી એકમાત્ર એવી યુનિવર્સિટી છે કે જેની પાસે પાંચ સેક્શન હેડ કંપનીઓ છે. જેમના ના દ્વારા કાઉન્સિલિંગ રિસર્ચ અને કોલાબરેશનમાં ખૂબ જ અસરકારક કાર્ય કરવામાં આવે છે.રાજ્ય સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીને સંપૂર્ણ સાથ, સહકાર અને માર્ગદર્શન આપવામાં આવે છે જેના કારણે જ સ્ટાર્ટ અપ ક્ષેત્રે રાજ્ય સતત ત્રીજા વર્ષે પ્રથમ નંબર પર રહ્યું છે. ઐંજીઈઝ દ્વારા અવનવા ઈનોવેશન કરવા માટે ઓનલાઈન કોર્સની શરૂઆત કરવામાં આવી છે જેમાં દેશના તમામ લોકો કોઈપણ ખૂણેથી અરજી કરી ભાગ લઈ શકે છે અને રિસર્ચ, સ્ટાર્ટ અપ, ઉદ્યોગ સાહસિકતા અને અભ્યાસ કરી શકે છે.

# પંજાબ સરકારે પશુઓને વેક્સીન લગાવવાની કરી શરુ, હજારો ડોઝ મંગાવવામાં આવ્યા

ગુરદાસપુર,તા.૧૦

પંજાબમાં દૂધાળા પશુઓમાં ફેલાતા ‘લમ્પી સ્કિન ડિસીઝ'એ પશુપાલકોના હોશ ઉડાવી દીધા છે. અત્યાર સુધીમાં હજારો પશુઓ આ ચામડીના રોગથી પ્રભાવિત થયા છે. સ્થિતિની ગંભીરતાને જોતા રાજ્ય સરકારે તાત્કાલિક બહારથી જરૂરી રસી મંગાવી છે. પ્રથમ દિવસે ઘણા જિલ્લાઓમાં હજારો પશુઓને આ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

પશુપાલન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે પ્રથમ દિવસે ગુરદાસપુર જિલ્લામાં ૧૭૦ પશુઓને રસી આપવામાં આવી હતી. ઉપરોક્ત રોગના ફેલાવાને રોકવા માટે સરકાર દ્વારા જિલ્લાને રૂ.૫ લાખની રકમ જાહેર કરવામાં આવી હતી. હવે રોગને રોકવા માટે ૪૭૦૦ રસી પૂરી પાડવામાં આવી છે. એક તબીબે જણાવ્યુ કે ‘લમ્પી સ્કિન ડિસીઝ'ના ફેલાવાને રોકવા માટે જિલ્લામાં ૪૦ ટીમો પણ બનાવવામાં આવી છે. નાયબ નિયામક પશુપાલન વિભાગ ગુરદાસપુર ડૉ. શામ સિંહના જણાવ્યા અનુસાર ગુરદાસપુર જિલ્લામાં કુલ ૯૫૭ પશુઓ આ રોગથી પીડિત હતા. તેમાંથી ૪૧૫ પશુઓ સંપૂર્ણ સ્વસ્થ થયા છે અને બાકીના પ્રાણીઓ સારવાર હેઠળ છે.ગુરદાસપુરના ડીસી મોહમ્મદ ઈશ્ફાકે કહ્યુ કે આ રોગને નિયંત્રણમાં લેવા માટે અમારા જિલ્લામાં ૪૭૦૦ ગોટ ફૉક્સ ડોઝ મળ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે પશુપાલન વિભાગની ટીમોએ વિવિધ ગામોની મુલાકાત લઈને રસીકરણની કામગીરી શરૂ કરી છે. પ્રથમ દિવસે ૧૭૦ પશુઓને રસી આપવામાં આવી છે. ડીસીએ કહ્યુ કે આજે એટલે કે મંગળવારે ૨ હજાર પશુઓને આવરી લેવામાં આવશે. તેમણે કહ્યુ કે આ રોગને રોકવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.તબીબોના મતે ‘લમ્પી સ્કિન ડિસીઝ' એ એવો રોગ છે જેના કારણે અસરગ્રસ્ત પશુને ખૂબ તાવ આવે છે, તેની ચામડી પર નિશાનો આવે છે, પગમાં સોજો આવે છે અને તે ચારો ખાવાનુ બંધ કરી દે છે. આ રીતે અનેક પશુઓના મોત થયા છે. પશુપાલન વિભાગના નાયબ નિયામકએ પશુ માલિકોને તેમના પશુને બાંધેલી જગ્યાએ ૧% ફોર્મેલિન અથવા સોડિયમ હાઈ પિક્રોલેટનો છંટકાવ કરવા જણાવ્યુ છે અને જો પશુ બીમાર પડે તો તાત્કાલિક નજીકની પશુ સંસ્થાનો સંપર્ક કરવા જણાવ્યુ છે.

# તો હાઉં

સદીઓથી,
ભડભડ,
ધડાધડ,
ભભૂકે છે,
ઓલવાયા વિના
દાવાનળ,
વડવાનલની માફક સળગે છે.
અસૂયા,
ઈર્ષા,
વૈરાગ્નિ,
હુતાશન!!!
કૂથલોગ્નિ,
તાજિયાની માફક,
કોઈ એને,
કાયમ માટે,
ટાઢા કરો,
તો હાઉં!!
ભરત વૈષ્ણવ...

--------------------

અમેરિકાના મેકસિકોના પેસા ડી લા રિફો શહેરને કહેવાનું કે જો બાત ગાયમેં હૈ, ગાયકે શિલ્પમાં નહીં, શિલ્પમાં નહીં!!

અહા! હા! શું મનોહર, નયનરમ્ય, મધુરતમ દ્રશ્ય! ચર્મચક્ષુ ભીડું તો દિવ્યચક્ષુ એ કલ્પનાતીત દ્રશ્ય અનિમેષ નજરે જોયા કરે. રામ ભગવાનનો જન્મ થયો ત્યારે શિશુ રામને નિહાળવા માટે સૂર્ય થંભી ગયો હતો તેમ આ દ્રશ્યો અમારા માનસપટલ દૂરદર્શનની માફક રીવાઈન્ડ-ફોરવર્ડ થાય છે. અમારી બુભુક્ષા-ક્ષુધાનો મોનો કે લોપ થયેલ છે. અંતઃકરણનો એ દ્રશ્યાવલિએ કબજો જમાવેલ છે. આર્યાવર્તમાં જન્મ લેવો એ સૌભાગ્યની ઘટના છે. એમાં પણ આશાવલી કે કર્ણાવતી ( ભાઈ અમદાવાદનું ત્રીસ વરસથી સૂચિત નામાભિધાન છે. જે નજીકના સિતેર એંશી વરસમાં હકીકત બનવાનું છે!!

નદી કિનારે નારિયેળી ભાઈ નારિયેળી કે મારી મહીસાગરના આરે ઢોલ લાગે છે તેવા ગરબાને આંટે એવો ગરબો છે. "રોડ વચાળે ગાવલડી માડી ગાવલડી, રાહદારીને ઢીંક મારી રે ભાઈ ઢીંક મારી, રાહદારી યમસદન ચાલ્યો રે ચાલ્યો" આ વરસની નવરાત્રીમાં ગાય ગરબો સુપર હીટ થવાનો છે લખી રાખજો. આ ગરબાની મને રોયલ્ટી પણ અપાવજો, મારા રાજ અચકો મચકો કારેલી!!!!

ગાયને માતા કહીએ છીએ. એ હિસાબે રિશતેમેં બળદ બાપા કહેવાય અને ભેંસ માસી કહે છે. દીકરીને ગાય દોરે ત્યાં જાય એવું કહેવાય છે. આજના જમાનાં દીકરી ને ગાય જવું હોય ત્યાં જાય છે અથવા ઢીંક મારીને ખાય છે! કોઈના સરળ સ્વભાવના વખાણ કરવા ગાય જેવો સીધો છે એમ કહે છે. શુભ પ્રસંગોએ ઘરની બહાર કદમ મુક્તી વખતે ગાય-કુમારિકાના શુકન લેવામાં આવે છે!!

ગાયમાતાને દોહીને ભરવાડ, દેસાઈ વગેરે પશુપાલકો બહાર ભટકવા છોડી દે છે. માણસો પણ મા-બાપનો ત્યાગ કરે છે પણ વૃધ્ધાશ્રમના દરવાજે! કેટલો સંવેદનશીલ છે માણસ!!

ગાયમાતા હોવા છતાં લાકડીથી ફટકારતા ચરચરાટી કે અરેરાટી થતી નથી. કેટલાક ક્રુર લોકો ગાય પર એસિડ કે એવું જલદ પ્રવાહી રેડી દે છે!! ગાયને માતા કહેનાર જલ્લાદ તબેલામાં ગાયને એટલી સાંકડી જગ્યામાં રાખે છે અને ટૂંકું દાતરડું બાંધે છે કે ગાયની ડોક દુખી જાય!! દૂધ દોહતી વખતે ગળે કસકસાવી કે કચકચાવીને બાંધેલું દોરડું ઢીલું કરે છે. ગાયના દૂધ પર જેનો હક્ક છે તેને બેત્રણ ટીપા ધાવવા દઈ વાછરડી-વાછરડાને બળજબરીથી અલગ કરી દૂધ છેલ્લા ટીપા સુધી દોહીને તેની મિઠાઈ કરવામાં આવે છે કે ભગવાનને ચડાવવામાં આવે છે. કોને ખબર ભગવાન આ નૈવેધથી કેટલા પ્રસન્ન થતા હશે? ગાયમાતાનો દરજ્જો મેળવનાર અને પોલિટિકલ લેગપુલિંગનું સાધન-સાધ્ય બનનાર ગાય બિચારી ભૂખ ભાંગવા લીલા સૂકા કચરાના કન્ટેઈનરમાં મોં નાંખે, ઓખર કરે પ્લાસ્ટિકની કોથળીઓનું પ્રાશન કરે તો આપણા પેટનું પ્લાસ્ટિક સોરી પાણી હલતું નથી. કેમ કે, આપણે દાખડાજીવી પ્રજા છીએ!!મત માટે ગોવંશ હત્યા પ્રતિબંધ મુક્તા કાયદા કરીએ છીએ અને રાતના અંધકારમાં ટ્રક -ટેમ્પોમાં ઠાંસી ઠાંસીને કતલખાને ધકેલીએ છીએ. છેલ્લા કેટલાક વરસોમાં ગોમાંસની નિકાસ કરવામાં દુર્ભાગ્યે પ્રથમ નંબર મેળવ્યો છે!!

ગાયમાતામાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ હોય તો દેશમાં કતલખાનાંની માલિકી બહુમતીની છે તેના કાળજા કાંપતા નહીં હોય? કદાચ વાંદરા મગરની વાર્તાના પેલા વાંદરાની જેમ આપણે પણ કાળજું ઝાડ પર મુકી આવીએ છીએ!!

ચોમાસામાં ગાય માટે કફોડી સ્થિતિ બને છે. જમીન ભીની થઈ હોય. રસ્તા કોરા હોય. રસ્તા પરના ભૂવા-ખાડામાં તલાવડી જેવું હોય. એ વચ્ચે ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે લગ્નની આમંત્રણ પત્રિકા લખ્યા મુજબ સગાવ્હાલા મિત્રમંડળ સાથે લગ્નમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ( જો કે આવા નિમત્રણોની સંખ્યા ઘટતી જાય છે. એ વાત અલગ છે!! મળ્યું હોય તેમ ગાય, વાછરડા, વાછરડી અડો જમાવે છે. રસ્તો માનો કે યાલતચંદ્રદિવાકર ગાયમાતાના પરમ પિતાશ્રીની સ્થાવર મિલકત હોય તેમ અડો જમાવે છે!! ગાયમાતા ભગવદ્ગીતા પણ ચાવી ગઈ હોય ! એટલે સ્થિતપ્રજ્ઞના લક્ષણોનું હાર્દ આત્મસાત કરી તેનું અક્ષરશઃ પાલન કરે છે. વાહનોના ભોંપુ, પોલીસદાદાની સિસોટી, રાહદારીના હડહડથી સહેજ પણ વિચલિત થતી નથી કે ભૂભાગનો પરિત્યાગ કરતી નથી!!

ગાય એક ચાલતું ફરતું ( મોબાઈલ)મંદિર છે. અમારા સનાતન ધર્મ માં તેત્રીસ કોટી ના દેવી દેવતા છે. આપણે રોજ તેત્રીસ કોટી ના દેવી દેવતા ઓ ને મંદિર જઈ એમના દર્શન નથી કરી શકતા પણ ગાય માતાના દર્શન થી બધા દેવી દેવતા ના દર્શન થઈ જાય છે.

ગાયના પીઠના ભાગે બ્રહ્મદેવતા કંઠમાં વિષ્ણુ, મુખમાં શંકર, અન્ય દેવદેવતા મધ્યમાં, દરેક રોમમાં ઋષિમુનિ, પૂંછમાં અનંતનાગ, ગાયના નેત્રમાં સૂર્ય - ચંદ્ર, પૂંછડીમાં હનુમાન , ખભે નાગદેવજકા , ગોમૂત્રમાં પવિત્ર નદી અને અશ્વિનીકુમાર , ગોમય-ગોબરમાં લક્ષ્મીનો વાસ હોય છે!!ગાયની પીઠઉપર એક ઉપસેલો ભાગ -ખૂંધ હોય છે, એ ભાગ માં સૂર્ય કેતુ નદી હોય છે. રોજ સવારે અડધો કલાક ગાય માતાની પીંડ પાર હાથ ફેરવાથી રોગો નો નાશ થાય છે.

ગાય તમને શીંગડાથી ઉલાળે એટલે સમજવાનું ગાયમાં નિહિત કોઈ દેવ-દેવી કોપાયમાન થયેલ છે અને તમને તમારા કર્મોની આકરી સજા-દંડ આપી રહ્યા છે. આજ રીતે પદપ્રહાર કરે એટલે દેવે તમને દુષ્કર્મની સજા આપી કહેવાય!!પૂંછડી ઉછાળીને મારે તો હનુમાનજીએ ગદા મારી ગણાય!

આપણી સંસ્કૃતિ રુદ્રાક્ષની સંસ્કૃતિ છે. વિદેશી સંસ્કૃતિ દ્રાક્ષની સંસ્કૃતિ છે. વિદેશી લોકો ગાયની અલોકિક લીલા અને જીવન કવનથી અનભિજ્ઞ છે, કેમ કે, પામર જીવ છે. તુચ્છાત્મકાત્મા છે. એમના રસ્તા બેકાર છે. કેમ કે બેજાન રસ્તા પર ગાય, ભેંસ કૂતરા અસ્થાયીરૂપે સ્થાયી થતા નથી. જેમાં પવિત્ર નદી, અશ્વિનીકુમાર, સાક્ષાત લક્ષ્મી નિહિત છે તે ગૌમૂત્ર ગોબરનું વિસર્જન રસ્તા પર થતું નથી અને રસ્તા ઓર્ગેનિક , હર્બલ, જંતુનાશકોથી પરિપ્લાવિત થતા નથી. રાહદારીને ગાયોના શિંગડે ઉછાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું ન હોવાથી ઓર્થોપિડિક સર્જનો ભૂખે મરે છે!!અમેરિકાના મેકસિકોના પેસા ડી લા રિફો શહેરમાં કાઉ પરેડ નામનો ફેસ્ટિવલ યોજાય છે. જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધકો ગાયના અદ્ભૂત રંગે રંગેલા ગાયના શિલ્પો રજૂ કરે છે. આ ફેસ્ટિવલમાં ૧૦૦ સ્પર્ધકોએ શિલ્પો રજૂ કરી ચુકયા છે. કાઉ પરેડનો આરંભ શિકોગો શહેરમાં ૧૯૯૯માં થયો હતો. અનેક કલાકારો ગાયના અદ્ભૂત શિલ્પો બનાવે છે! હિન્દી ફિલ્મનું ગીત છે. જો બાત ગાયમેં હૈ, ગાયકે શિલ્પમાં નહીં , શિલ્પમાં નહીં!!

ભરત વૈષ્ણવ
૩.૮.૨૦૨૨.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS NO - 120**
શબ્દ : મનોકામના
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શિર્ષક : મનોકામના
મનોકામના
શિવભોળા તમને ભજુ દિનરાત કરજો મારી મનોકામના,
તું ભોળો ભગવાન આપે બધાને દર્શન કરજો મારી મનોકામના.
શ્રાવણમાસમાં નિત તારું રટણ કરું કરજો મારી મનોકામના,
પાતાળ લોકમાં તમારા ગવાય ગુણગાન કરજો મારી મનોકામના.
માનવલોકમાં ભજતાં સૌ તમને ભોળા કરજો મારી મનોકામના,
દરેક ગામ ગોંદરે હોય તમારા મંદિરો કરજો મારી મનોકામના.
મસાણમાં ભૂતડા સાથે વાસ તમારો કરજો મારી મનોકામના,
શરીરે ભભૂતી વાઘચર્મ આસન વાળા કરજો મારી મનોકામના.
હાથમાં ત્રિશૂળ -ગળે સર્પ કાળા કરજો મારી મનોકામના,
ઝેર પીનારા નિલકંઠ એવા ભોળા કરજો મારી મનોકામના.
પાર્વતીના પ્યારા મારા ભોળા શંભુ કરજો મારી મનોકામના,
હિમાલયની ગોદમાં બિરાજતા કૈલાસ કરજો મારી મનોકામના.
બાર જ્યોતિર્લિંગ માં સ્થાન તમારા કરજો મારી મનોકામના,
રમા વિનવે તમને ભોળાશંભુ પુરી કરજો મારી મનોકામના.
રમીલાબેન ડી મકવાણા રમા
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

------------------------------------------

**NOG SS No : 0078**
પ્રકાર - પદ્ય (અલગ અલગ છંદમાં શેર)
શીર્ષક - ઈચ્છાઓનું મહાયુદ્ધ.
સંત બોલ્યા - "છે શ્વેત વસ્ત્રો તોય;
કોઈ ઈચ્છા અમારી ના ઊંઘી."
ખેલ પકડાપકડીનો રમતાં બધાં;
એ જ ઈચ્છાઓ પછી હંફાવશે.
વાયુમંડળમાં હવા ને મનમાં શું?
કંઈક ઈચ્છાઓ સતત ફરતી રહી.
એટલી રિબાઈ 'શ્વેતા' માંહ્ય કે;
ઈચ્છાઓ એ નામથી પણ ભાગશે.
ભેટી પડી એકદમ તો મોતે પૂછ્યું, શું?
ધીરજ, સહનશક્તિ કે ઈચ્છા ખૂટી ગઈ?
માથું ઊંચકતી'તી બહું, તેથી જ ગળું;
ઈચ્છાઓનું ટૂંપાવીને બેઠી છું.
સૌની અપૂર્ણ પૂરી એ કરતો રહ્યો, અને;
ઈચ્છા અધૂરી લઈને એ તારો ખરી ગયો.
ખૂબ રીબાઈ રીબાઈને મરે કોઈ વખત ;
શ્વાસને ઈચ્છા ઘણી વેળા ઘણી ઓછી પડે.
ના સમયનું કે ન દુનિયાનું રહે છે ભાન કંઈ;
એમ પાછી કંઈક ઈચ્છાઓ ફરી હરખાવ ને.
રહી 'શ્વેતા'ની અંદર રક્ત બાળે, પોતે પણ પીડાય, પણ છોડે?
છે, ઈચ્છાય બેસબબ ખૂની છે મુશ્કેલી તો પડવાની.
રહે અજવાળું આખા ઘરમાં એ ઈચ્છા લઈ અંદર;
સતત સળગ્યા કરે ફાનસ કથા એની કહું, સાંભળ.
સતત મ્હોં ખુલ્લું ને ખાયે ડકારો પણ કરે ના તોય;
કદી ઈચ્છાઓ અગિયારસ, કથા એની કહું, સાંભળ.
છે જ સૌના પગમાં સાંકળ, પાંજરું પણ છે જ, છે ને?
કંઈ વખત ઈચ્છા છતાં બંધન બધાં સૌ તોડશે નહીં.
એ બાળહઠ માફક ચડે જિદ્દે અને માને જ નહિ ;
કોઈ ક્ષણિક ઈચ્છા કદી ક્ષણભર સમજતી યે નથી
ખર્યો છે પાંપણનો વાળ ઊંધી હથેળી પર એ મૂકું ને ત્યારે;
બધી જ ઈચ્છાઓ બંધ આંખે તરત ટપોટપ ખરે તો કેવું?
ટપકતું રક્ત ને પીડા બાણશૈયા પર અઢારે દિ'તો કેવું થાય?
એ ઈચ્છામૃત્યુની ઈચ્છા પિતામહ ભીષ્મથી રોજે લડી હશે?
- શ્વેતા તલાટી

------------------------------------------""

**NOG SS N0 : 0092**
પ્રકારઃ- પદ્ય
વિષયઃ- મનોકામના
શિર્ષકઃ- પતંગિયું મનોકામનાનું
ક્યાં મનોકામના કદી સ્થિર રહે છે?
પતંગિયા સમી એ નિત ઉડાઉડ કરે છે.
મનમાંજ ઉગીને આથમતી રહે છે,
સતત મારા મનને પજવતી રહે છે.
સમય સાથે એ બદલાતી રહે છે,
ઉંમર પ્રમાણે લલચાવતી રહે છે.
ક્યારેક ધરાતલ પર મળી જાય છે ને,
ક્યારેક ઊંચા આકાશે મહાલતી રહે છે.
વિચારોના વિકાસ સાથેજ એણે જન્મ લીધો,
કદીક સ્વયંસ્ફૂરીત તો કદીક અન્યથી પ્રેરાતી રહે છે.
આસપાસના વાતાવરણમાંથી કદીક એ ફૂટે,
તો કદીક આંખોમાં ઊંઘની જેમ ઘેરાતી રહે છે.
ભરીને મનની છાબમાં રાખવાની કોશિષ કરું ત્યાં,
આશાઓના છેદમાંથી વેરાતી રહે છે.
દબાવી રાખું જો અંતરતમે તો,
સમય આવ્યે એ ઉભરાતી રહે છે.
ના કોઈનીય એ પરિચિત, બહાર આવે એ કવચિત,
આવી ગઈ બહાર તો જંગલની આગ જેમ ફેલાતી રહે છે.
વસવું ગમે એને મારા હૈયે ને આંખે,
હોઠ પર જો આવી ગઈ તો એ નજરાતી રહે છે
શું નામ આપું એને?મનોકામના, એષણા કે સપનાં?
જુદા- જુદા અર્થ ધરી મનને મુંઝવતી રહે છે.
નાનું એને કદીય કંઈજ ગમતું નથી,
મોટાની પાછળ અવિરત ભાગતી રહે છે.
કદીક સવાર થઈ જાય જો મન પર,
ખાવા-પીવાનેઅનેપહેરવા-ઓઢવાનેય બગાડતી રહે છે.
છવાઈ જાય જ્યારે એનું ઝનૂન અસ્તિત્વ પર,
રઢિયાળી રાતોમાંય એ જગાડતી રહે છે.
સાકાર થાય છે એ જ્યારે હકીકતમાં,
સાતમા આસમાને ઉડાડતી રહે છે.
તૂટે છે કદીક જ્યારે એ હૃદયમાં જ ત્યારે,
આજીવન આ હૃદયને બાળતી રહે છે.
છે એવી ચંચળ કે ફરી જીવી ઉઠે,
તન- મન- ધનને મારા સતત દોડાવતી રહે છે.
ના હોય એ તો જીવનનો શું અર્થ?
એની કિંમત પળે- પળે બતાવતી રહે છે.
-અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર..૧૦/૦૮/૨૨.

-----------------------------------------------

**NOG SS No:-109**
શિર્ષકઃ-મનોકામના /બાબુ સંગાડા"મહેક"
પ્રકારઃ-પધ
(અછાંદશ)
માણસ જુવો ,
કેવો બની ગયો?
કાલ તો સમય નો'તો,
આજ ઢોલક ,સિતાર લઈ બેસી ગયો,
મંદિરના ઓટલે,
જયાં રોજ પુજારી બેસતો.
સડસડાટ દોડતો,
કયારેક ઉડતો,
આજ પ્રેમ જાગ્યો,
નક્કી સ્વાર્થ ઉબર્યો હશે,
નહી તો ના બેસે.
આને નુકશાન થયુ હશે,
કાતો કૈક લૂટાયું હશે,
કાતો કૈક આવતુ હશે,
એટલે તો ટીલા ટપકા કરી,
આખો ભભૂતિ લાગાવી શંકર બની,
મનોકામના પૂર્ણ કરવા જો ખરો,
આબરું નેવે મૂકી દીધી.
રોજ આબરું શરમ આવતી,
ધરતીંગ કરતો માણસ,
ભગવાનના નામ પર ઊતરી ગયો,
અઘોર તપસ્વીના રૂપે.

## ૧૨ ઓગસ્ટ, "વિશ્વ યુવા દિવસ"

# જે દેશનો યુવાધન મજબૂત હોય, એ દેશ નું ભવિષ્ય મજબૂત બને છે

દર વર્ષે વિશ્વભરમાં ૧૨ ઓગષ્ટનાં દિવસે "વિશ્વ યુવા દિવસ" મનાવવામાં આવે છે. ૧૭ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ જાહેર કર્યુ હતું કે ૧૨ ઑગષ્ટનાં રોજ "ઈન્ટરનેશનલ યૂથ ડે" મનાવવામાં આવશે. પ્રથમવાર "ઈન્ટરનેશનલ યૂથ ડે" વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. આ ખાસ અવસરે વિશ્વભરનાં યુવાનોને તેમની ઓળખ અપાવવા અને તેમનાં કાર્યોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે અલગ-અલગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. "વિશ્વ યુવા દિવસ"નો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક, આર્થિકથી લઈને રાજકીય મુદ્દાઓ પર યુવાનોની ભાગેદારી અને તેમના વિચારો પર ચર્ચા કરવાનો છે. દેશની સફળતાનો આધાર ત્યાં વસતા લોકો પર હોય છે. ભારત જેવા દેશમાં જ્યાં મોટા ભાગની વસ્તીમાં યુવાનો વસતા હોય, જે દેશ પાસે કાર્યક્ષમ કર્મચારી તરીકે યુવાધન હોય ત્યારે આ દિવસથી વધુ મહત્વનું તો બીજું શું હોય શકે ? આ દિવસે યુવા-આગેવાની હેઠળની સંસ્થાઓ, સરકારો, યુવાનો અને અન્ય લોકો કે જે શિક્ષણમાં પરિવર્તન લાવવા અને વિશ્વવ્યાપી યુવાનોને ઉત્થાન અપાવવા માટે કામ કરી રહ્યા છે તેની ઉજવણી કરે છે. યુવા દિવસ એ યુવાનોને સમાવતા સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓને સ્થાપિત કરવા માટે બનાવવામાં આવેલ એક જાગૃતિ દિવસ છે. "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ"ની કલ્પના ૧૯૯૧ માં વિએના અને ઓસ્ટ્રેલીયાનાં યુવાનો દ્વારા યુએનની વર્લ્ડ યુથ કાઉન્સિલની પ્રથમ પરિષદ માટે સૂચવવામાં આવી હતી. સમિતિએ ભલામણ કરી કે યુવા સંગઠનો સાથે મળીને યુનાઈટેડ નેશન્સ યુથ ફંડને મજબુત બનાવવા માટે, ખાસ કરીને ફાઉડ સોર્સિંગ અને પ્રમોશનલ હેતુઓ માટે, આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ખાતરી આપવામાં આવે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) એ પ્રથમ ઓગસ્ટ ૧૯૯૮ માં, લિસ્બન યુથ, વર્લ્ડ કોન્ફરન્સ દ્વારા આ નિર્ણયને સમર્થન આપીને ૧૯૯૯ માં "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ"ને પ્રથમ વખત નક્કી થયું. વર્ષ ૧૯૯૯ માં યુએનજીએ દ્વારા આ ભલામણને સમર્થન આપવામાં આવ્યું ત્યારબાદ પ્રથમવાર "ઈન્ટરનેશનલ યૂથ ડે" વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. વર્તમાન સંજોગો જોતા રાજનીતિમાં યુવાનોનું જોડાણ કરવું ખુબ જરૂરી છે, જેનાથી ભવિષ્ય માટેની સારી અને દુર્ગામી નીતિઓ ઘડી શકાય, આ જોડાણ થી યુવાનોમાં એક વિશ્વાસ અને દેશ માટે કંઈક કાર્ય કરવા માટેનાં ઉત્સાહને પ્રજ્વલિત કરવામાં ફાળો આપી શકાય છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચર્ચાઓ, પ્રદર્શનો, મેળાઓ, પરિષદો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરીને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે એક મહત્વનો દિવસ છે. આજનાં સમયમાં કેટલાક વિકસિત દેશો પોતાનાં યુવાધનને આધુનિકતાની છબી બતાવતા ગેર માર્ગે પણ દોરી જાય છે. યુવાધનને પોતાના પ્રચારનાં માધ્યમ તરીકે વાપરવું એ આવનાર ભવિષ્યમાં વિશ્વનાં અન્ય દેશો સાથે હરીફાઈમાં ટકી રહેવા માં એક મોટી મુસીબત સમાન છે. આજનું યુવાધન પણ પોતાની વિચાર શક્તિને સમજવાને બદલે કેટલાક અંશે દેખાડાની વિચારધારાને અનુસરી રહ્યું છે. "રીયલ લાઈફ" અને "રીલ લાઈફ" એનું જ પરિણામ છે. જયારે કોઈ આગવું સ્થાન ધરાવતી યુવા વ્યક્તિ જે પગલું ભરે છે તેને અનુસરવા માટે બીજા પ્રયત્નો કરતા થઈ જાય છે, જે કેટલાક સારા પરિણામ પણ આપે અને ખોટા પરિણામ પણ આપે છે. આજનાં યુવાધન માટે સહનશક્તિ એ ક્યાંક ઓછી થતી જણાઈ રહી છે, નાની વાત માં મોટા પગલાં ભરવા, જેનાથી તે પોતાને નુકશાન પહોંચાડી રહ્યા છે.

યુવાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો દરેક દેશ પ્રગતિનાં પંથ પર આગળ આવી શકે છે. ઘણા દેશમાં યુવાઓ માટે અલગથી યોગ્યતા મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેથી યુવામાં રહેલ ખૂબીને જાગૃત કરવી સરળ બની રહે છે.

જે દેશનો યુવાધન મજબૂત હોય, એ દેશ નું ભવિષ્ય મજબૂત બને છે

- મિત્તલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

# આપણી આન, બાન અને શાન સમા તિરંગાને લહેરાવતી વખતે તેનું પૂરેપૂરું સન્માન જળવાય, એ આપણા સૌની જવાબદારી છે

દેશભરમાં આઝાદીનો અમૃત મહોત્સવ મનાવાઈ રહ્યો છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૩થી ૧૫ ઑગસ્ટના દિવસોમાં દેશના દરેક ઘર-ઈમારત પર તિરંગો લહેરાવવા માટે આહવાન આપ્યું છે. 'હર ઘર તિરંગા' અભિયાનમાં દેશના કરોડો નાગરિકો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે. પોતાના ઘર, કચેરી, કારખાના પર તિરંગો લહેરાવવા માટે લોકોમાં અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે.

રાષ્ટ્રધ્વજ એ આપણી આન, બાન અને શાન છે, તેનું પૂરેપૂરું સન્માન જળવાય, એ આપણા સૌની રાષ્ટ્રીય જવાબદારી છે. રાષ્ટ્રધ્વજ માટે એક વિશેષ સંહિતા પણ ઘડવામાં આવી છે. જોકે, આ સંહિતાને થોડી સરળ અને વ્યાવહારિક રીતે સમજવા માટે અહીં આપેલા મુદ્દાઓ ઉપયોગી થશે.

- રાષ્ટ્રધ્વજને ઊંધો (જૈદ્ધી હ્રુંહ), કશાની અંદર, ઊંડાણમાં કે કશું વીંટાળીને (ફરકાવતી વખતે ફૂલ-પાંદડીઓ સિવાય) ઉપયોગમાં લઈ શકાતો નથી.
- રાષ્ટ્રધ્વજ પર કશું લખાણ થઈ શકતું નથી.
- રાષ્ટ્રધ્વજને ફાટેલી કે ગંદી સ્થિતિમાં પ્રદર્શિત કરવો, અપમાનજનક ગણાય છે.
- ધ્વજ સંપૂર્ણ ફેલાયેલી સ્થિતિમાં અને કેશરી પટ્ટો ઉપર આવે તેમ જ લગાવવો. જો મંચ પાછળ કે ગેલેરીમાં ઊભી સ્થિતિમાં લટકાવવાનો હોય તો, કેશરી પટ્ટો જોનારની ડાબી બાજુ અને ધ્વજદોરી ઉપર રહે તેમ રાખવો.
- રાષ્ટ્રધ્વજને એક જ કાઠી ઉપર લહેરાવવો.
- રાષ્ટ્રધ્વજને શણગાર, ગણવેશ, એસેસરીઝના સાધન તરીકે ઉપયોગમાં લઈ શકાતો નથી. કુશન, હાથ રૂમાલ, નેપકીન સહિતના કોઈ પણ પ્રકારના ડ્રેસ મટીરિયલ્સમાં એમ્બ્રોડરી કરી શકાતો નથી.
- રાષ્ટ્ર ધ્વજને કમરથી નીચેનાં કપડાં, આંતરવસ્ત્રોમાં, ગાદી તકિયાનાં કવર કે ગળાનાં સ્કાર્ફમાં ઉપયોગ થઈ શકતો નથી.
- ક્ષતિગ્રસ્ત થયેલા રાષ્ટ્રધ્વજનો નિકાલ વ્યક્તિગત રીતે સળગાવીને કરાય એ ઈચ્છનીય છે. અથવા તેનો પૂરા આદર સાથે અન્ય રીતે પણ નિકાલ કરી શકાય છે.
- કાગળથી બનેલા રાષ્ટ્રધ્વજને જાહેરમાં ફેંકી શકાય નહીં. તેનું માનસન્માન જાળવી, યોગ્ય રીતે તેનો નિકાલ કરવો જોઈએ.

ઉક્ત નિયમોનો રાષ્ટ્રધ્વજ સંહિતામાં ઉલ્લેખ કરાયો છે. આ નિયમોને ધ્યાને રાખીને રાષ્ટ્રધ્વજને પૂરેપૂરા આદર સાથે દરેક ઘરે લહેરાવવાનો છે. રાષ્ટ્રધ્વજ સવારે લહેરાવવાનો અને સાંજે નિયત સમયે ઉતારી લેવાનો નિયમ હતો, પરંતુ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત સાંજે તિરંગો ઉતારી લેવો ફરજિયાત નથી. ૧૩મી ઑગસ્ટે ઘર-ઈમારત પર તિરંગો લહેરાવ્યા પછી તેને ૧૫મી ઑગસ્ટના રોજ સાંજે ઉતારવાનો છે. રાષ્ટ્રધ્વજને સસન્માન ઉતારવો અને ક્ષતિગ્રસ્ત ન થયો હોય તો વાળીને તેને સાચવીને રાખી શકાય છે. જો નિકાલ કરવો પડે તો નિયમાનુસાર સન્માનપૂર્વક તેનો નિકાલ કરવો જરૂરી છે.

# મફત વિતરણના ચૂંટણી વચનો પહેલા આર્થિક અસરનો અભ્યાસ ફરજિયાત બનાવોઃ સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૦

ચૂંટણી સમયે રાજકીય નેતાઓ દ્વારા મફત વિતરણના અપાતા ચૂંટણી વચનો પર લગામ મૂકવાની અરજી કરનારા અરજદારે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે કે મફત વિતરણ પહેલા તેની આર્થિક અસરનો અભ્યાસ ફરજિયાત બનાવવો જોઈએ. મફત વિતરણના ચૂંટણી વચનો આપતા રાજકીય પક્ષો સામે પગલાં લેવાની માગણી સાથે વકીલ અશ્વિની ઉપાધ્યાયે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે.

અરજદાર વતી સિનિયર એડવોકેટ વિજય હંસારિયાએ જણાવ્યું હતું કે દેશની બે સર્વોચ્ચ આર્થિક સંસ્થાઓએ યોગ્ય નાણાકીય અને અંદાજપત્રિય જોગવાઈ વગર રાજ્યો દ્વારા મફતના વિતરણની લાંબા ગાળાની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે. એડવોકેટ અશ્વિની કુમાર દુબે મારફત કરાયેલી રજૂઆતમાં જણાવાયું હતું કે કલમ ૨૯૩ (૩) અને (૪)ની જોગવાઈનું પાલન કર્યા વગર કેન્દ્ર સરકારની લોન બાકી હોય ત્યારે પણ રાજ્ય સરકારો ઉછીના નાણા લે છે. આ જોગવાઈઓનું કડકાઈથી અમલ કરવાની જરૂર છે. રાજ્ય સરકારને લોન સુવિધા આપવા માટે ક્રેડિટ રેટિંગની સિસ્ટમ પણ અમલી બનાવવી જોઈએ. અરજકર્તાએ પૂરતી અંદાજપત્રિય જોગવાઈઓ વગર નાણાકીય સંશાધનો (રેવડી કલ્ચર)ના ચૂંટણી વચનોની પરંપરાની ચકાસણી માટે નિષ્ણાતોની એક સમિતિ રચવાની માગણી કરી છે.

